૨૨૨૫

હિંદુસ્તાનનો સંક્ષિપ્ત ઇતિહાસ.

મૂખ્યત્વેં કરીને ગુજરાતી પાંચમા તથા છઠ્ઠા અને અંગ્રેજી પેહેલા, ધોરણોના વિદ્યાર્થિઓને માટે છપાવી પ્રગટ કર્યો છે.

આ ચોપડી સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ મુજબ રજીસ્તર કરાવી છે.

મુંબઈ:
"નિર્ણય-સાગર" છાપખાનામાં છાપ્યું છે.
સંવત ૧૯૪૦—સને ૧૮૮૪.

કીમત ૨ આના.

૨૨૫૫

હિંદુસ્તાનનો ઇતિહાસ.

પ્રકરણ ૧ લું.

મુસલમાન સરદારોએ આ દેશની લક્ષ્મી અને મોહોટાઇથી મોહ પામીને મોટો ભાગ જીતી લીધો તેની આગમજ ઇરાનના બાદશાહ દારાયસ હીસ્તાસ્પીસે ઈ. સ. પે. ૫૧૮ માં હુમલો કરી સિંધુ નદીના કાંઠે આવેલા મુલકો તાબે કર્યા હતાં. એની પછી સિકંદર બાદશાહ પંજાબના હાકેમ પોરસને જેલમને કાંઠે હરાવી સટલજ નદી સુધી વધી આવ્યો ઇ. સ. પે. ૩૨૭.

સિકંદરના મરણ પછી તેના વિશાળ રાજ્યના ભાગ થયા. એમાંનો મોટો ભાગ સેલ્યુકસ નામે તેના એક સેનાપતિને મળ્યો. આ સેનાપતિએ મગધના રાજા ચંદ્રગુપ્ત સામે સ્વારી કીધી, પણ તેમાં કાંઇ ફાવ્યું નહીં ત્યારે તેની જોડે સલાહ કીધી.

ચંદ્રગુપ્તના વખતમાં ભરતખંડમાં સ્વતંત્ર રાજ્યો ઘણાં હતાં. એમાંના ઘણાંક એણે અને એના વંશજોએ વશ કર્યાં. એ કાળે લોક ઉદ્યોગી અને ધનવાન હતા. વિદ્યામાં ભરતખંડની પ્રજા કોઇ બીજી પ્રજાથી પાછળ ન હતી. બ્રાહ્મણો વિદ્યા શિખી ધર્મગુરૂનું કામ કરતા. દેશમાં ભારે હુનર તથા વેપાર ચાલતા. પ્રજા પાળવામાં અને દેશ સુધારવામાં ચંદ્રગુપ્તનો પૌત્ર અશોક બહુ વખણાયોછે. રસ્તા, ધર્મશાળા, તળાવ, કૂવા, દેરાં વગેરે લોકોપયોગી કામોમાં એણે બહુ નાણું ખરચ્યું. આ

સમયે તિબેટ, બ્રહ્મદેશ, શ્યામ, ચીન વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મનો ભારે ફેલાવો થયો. ચંદ્રગુપ્તનું વંશ મૌર્ય વંશને નામે ઓળખાતું હતું. આ વંશની આખરે બૌદ્ધ ધર્મની પડતી થઈ ને તેને ઠેકાણે બ્રાહ્મણ-ધર્મે જોર માર્યું. આ પંથ વધતાં વધતાં એટલો ફેલાવો પામ્યો કે હિમાલય પર્વતથી કન્યાકુમારી અને બ્રહ્મપુત્રથી સિંધુ સુધી બૌદ્ધધર્મી કોઇ રહ્યું નહીં.

મૌર્ય રાજાનું બળ નરમ પડ્યા પછી પંજાબ, સિંધ, અને ગૂજરાત વગેરે શેહેરોમાં રાજા સ્વતંત્રપણે રાજ ચલાવવા લાગ્યા. મુસલમાનધર્મી રાજા હુમલા કરવા લાગ્યા તે પહેલાં હિંદુસ્તાનની ઉત્તરે છ મોટાં રાજ્યો હતાં. એમાંનાં દરેકને તાબે ઘણાં નાનાં રાજ્યો હતાં. એ છ રાજ્યોનાં નામઃ—પંજાબનું રાજ્ય, દિલ્હીનું રાજ્ય, કનોજનું રાજ્ય, બંગાલાનું રાજ્ય, મેવાડનું રાજ્ય, અને ગૂજરાતનું રાજ્ય. પણ જેમ જેમ ઈસલામી ધર્મનો ફેલાવો થતો ગયો અને ધર્મને બહાને મુસલમાનોએ હિંદુરાજ્યોપર ઉપરા સાપરી હૂમલા કરવા માંડ્યા તેમ તેમ રજપૂત રાજાનું બળ નરમ પડતું ગયું અને ભરતખંડમાં મુસલમાન રાજ્યનો પ્રવેશ થવા માંડ્યો.

બસરાના સૂબાએ ઈ. સ. ૭૧૨ માં પોતાના સરદાર મહમૂદ કાશીમને લશ્કર આપી સિંધ ઉપર હૂમલો કરવા મોકલ્યો. આ સમયે ત્યાં દાહીર નામે રજપૂત રાજા રાજ કરતો હતો. તેઓ વચ્ચે ભારે યુદ્ધ થયું તેમાં દાહીર માર્યો ગયો ને કાશીમે તેની રાજધાની દેવલનગરને લૂટી તેની વસ્તીનો નાશ કર્યો. તાતાર દેશની એક જાત જેને સેમેનીસ કહેતા હતા તેઓ ખોરાસાનમાં રાજ ચલાવતા હતા; અને અબદુલમુલ્ક તેમનો રાજા હતો. આ રાજાના મરણ પછી કાબુલથી ૮૦ મૈલ દુર ઘિજની શેહેરમાં એના ગૂલામ અલપ્તજીને સ્વતંત્રપણે રાજ કરવા માંડ્યું. અલપ્તજીનના મરણ

પછી સબક્તગીન નામે તેનો ગૂલામ તેની ગાદીએ બેઠો. એના મરણ પછી એનો છોકરો મહમદ ઈ. સ. ૯૯૬ માં ગાદીએ આવ્યો.

ઘિજની વંશનો પેહેલો બાદશાહ સુલતાન મહમદ ઈ. સ. ૯૬૭ માં જન્મ્યો હતો. આ વખતે હિંદુસ્તાન દ્રવ્યથી ભરપૂર હતું તે હાથ કરવું તથા મૂર્તિપૂજક ધર્મ તોડી ઈસલામી ધર્મ ફેલાવવો એવા હેતુથી એણે હિંદુસ્તાન ઉપર બાર સ્વારી કીધી.

પેહેલી સ્વારી ૧૦૦૧:—મહમદે ૧૦૦૦૦ વીણી કાઢેલા સ્વારો લઈને પેશાવરની નજદીક લાહોરના જેપાળ રાજા ઉપર સ્વારી કરી ને તેને હરાવ્યો. એ રાજાને આગળ સબક્તગીને હરાવ્યો હતો અને આ વખતે મહમદે હરાવ્યો, તેથી પોતાની આબરૂ ધુળ મળી ગઈ એમ સમજી પોતાને હાથે ચેહ ખડકી બળી મુઓ.

બીજી સ્વારી ઈ. સ. ૧૦૦૪:—આ લડાઈમાં મહમદે ભાટીઆના રાજા વિજયરાયને મુલતાનની પાસે હરાવ્યો.

ત્રીજી સ્વારી ઈ. સ. ૧૦૦૫:—મહમદે મુલતાનના સરદાર અબદુલ ફાટલોદીનને હરાવ્યો.

ચોથી સ્વારી ઈ. સ. ૧૦૦૮–૯:—આ સ્વારીમાં મહમદને અટકાવવાને લાહોરનો રાજા અનંગપાળ પોતાના મોટા લશ્કર સહીત દિલ્હી, કનોજ, ઉજ્જન, ગ્વાલ્હેર, કલીંજર, અને અજમેરના રાજાને લઈને આવ્યો. તેઓ વચ્ચે પેશાવર આગળ લઢાઈ થઈ તેમાં બંને તરફવાળાનાં ઘણાં માણસ મરણ પામ્યાં પણ કોઈની પૂરેપૂરી ફતેહ થઈ નહીં. એટલામાં અનંગપાળનો હાથી આગના ગોળાથી ચમક્યો ને પોતાના સ્વારને લઈ રણભૂમીમાંથી નાઠો. આ ઉપરથી એના લશ્કરે એવું અનુમાન કર્યું કે અનંગપાળ પોતાનો જીવ બચાંવવા નાઠો હશે, તેથી તેઓમાં ફૂટ પડી અને સઘળા જીવ લઈને નાઠા. મહમદના લશ્કરે તેમની પુઠ પકડી અને તેમનામાંના

ઘણાંકને મારી નાંખ્યા. ત્યાંથી મહમદ નગરકોટ ગયો, ત્યાંના દેરાંનો નાશ કર્યો અને તેમાંથી પુષ્કળ દ્રવ્ય મેળવ્યું.

પાંચમી સ્વારી ઇ. સ. ૧૦૧૦:—આ વખતે મહમદે મુલતાન હાથ કીધું.

છઠી સ્વારી ઈ. સ. ૧૦૧૪:—મહમદે જમના ને સરસ્વતી વચ્ચે આવેલા થાનેશ્વરના દેરા ઉપર લૂંટ ચલાવી. એ સ્વારીમાં પણ તેણે સોનું, રૂપું ને ઝવેર ભારે મેળવ્યું.

સાતમી અને આઠમી સ્વારી ઈ. સ. ૧૦૧૫:—મહમદે કાશ્મીરપર બેવાર સ્વારી કીધી; પણ બંને વખત માર ખાઇ પાછું હઠવું પડયું.

નવમી સ્વારી ઇ. સ. ૧૦૧૮–૧૯:–આ વખતે મહમદ ૧૦૦૦૦૦ ઘોડેસ્વાર તથા ૨૦૦૦૦ પાયદળ લઈને પેશાવરથી નિકળ્યો અને પંજાબ ઓળંગી કનોજ આવી પોહોંચ્યો. તે કાળે હિંદુસ્તાનના દેશી રાજ્યોમાં કનોજ ઘણું ચઢીઆતું ગણાતું હતું. ત્યાંનો રાજા પોતાને હિંદુસ્તાનનો શેનશાહ કહેવાડતો હતો. એ રાજા લઢ્યા વિના મહમદને શરણે થયો. મહમદ ત્રણ દિવસ ત્યાં રહ્યો ને કાંઈ નુકશાન કર્યા વગર પાછો ફર્યો. અહીંથી નિકળી સુલતાન હિંદુઓના દેવ કૃષ્ણની જન્મભૂમી મથુરા તરફ ગયો અને ત્યાંની સોના તથા ઝવેરથી મઢેલી મૂર્તિનો નાશ કરી, સઘળો ખજાનો લૂંટ ઉપર લાધી તથા ૫૩૦૦૦ કેદીઓ પકડી ધિજની ગયો, અને ત્યાં તેમને બબે રૂપીએ વેચ્યા.

દશમી અને અગીઆરમી સ્વારી ઇ. સ. ૧૦૨૨–૨૩:—કનોજનો રાજા લડ્યા વિના મહમદને શરણે ગયો માટે કલીંજરના રાજા બીજા જેપાળે તેનાપર સ્વારી કરી તેને માર્યો. આ સાંભળી મહમદે કલીંજરના રાજ્ય ઉપર ચઢાઇ કરી અને તે રાજાને હરાવ્યો.

બારમી સ્વારી ઈ. સ. ૧૦૨૪:—આ છેલી સ્વારી મહમદે ગુજરાતમાં સોમનાથના દેરા ઉપર કરી. અજમેરથી નિકળી ગુજરાતની અસલી રાજધાની અણહિલવાડ સૂધી વગર અટકાવે મહમદ આવી પોહોંચ્યો. આ દેરાનો બચાવ કરવાને જે રજપૂત રાજા તથા ગુજરાતના મુખ્ય સરદારો આવ્યા હતા તેમાં ચામુડનો પાટવી કુંવર વલભસેન તથા તેનો ભત્રિજો ભીમદેવ મુખ્ય હતા. એ લડાઈ ત્રણ દિવસ સૂધી ચાલી તેમાં આખરે રજપૂતો હાર્યા; અને મહમદે દેરામાં પેસી મૂર્તિનો નાશ કર્યો. એ મૂર્તિને સ્નાન કરવા સારૂં એક હજાર મૈલથી ગંગા નદીનું પાણી લાવવામાં આવતું હતું. મહમદ તેની ૬૩ વર્ષની ઉમરે ઈ. સ. ૧૦૩૦ માં મરણ પામ્યો. પોતે એકઠી કરેલી દોલત જોઈને એને ઘણું રડવું આવ્યું. એ વિદ્યા, હુનર ને ખેતીવાડીને ઉત્તેજન આપતો. એણે એક મદ્રેસા સ્થાપી હતી. એના વખતમાં શાહનામાનો બનાવનાર ફીરદુશી વગેરે બીજા વિદ્વાનો થઈ ગયા. એને "આઈકોનોકલેસ્ટ" એટલે મૂર્તિનો તોડનાર કહેછે. એણે એક મસીદ બંધાવી હતી, જેને "સીલેસ ચિઅલ બ્રાઈડ" કહેતા.

મહમદના વંશજો:—સુલતાન મહમદના મરણ પછી એના વંશમાં કુસંપ ચાલવાથી એણે જે જગાઓ જીતી લીધી હતી તે સઘળી હિંદુ રાજાઓએ પાછી હાથ કરી લીધી. એ વંશનો છેલો રાજા ખુશરૂ લાહોરમાં રાજ કરતો હતો તેના ઉપર મહમદ ઘોરીએ ચઢાઈ કરી તે રાજ જીતી લીધું.

ઘોરીવંશ ઈ. સ. ૧૧૮૪–૧૨૦૬.

મહમદ ઘોરી ૧૧૮૪–૧૨૦૫.

એ વંશના રાજા પેહેલાં આફગાનીસ્તાનના એક ભાગમાં રાજ કરતાં હતાં. ગિજની અને હેરાત વચ્ચે આવેલી ઘોર નામની જગા ઉપરથી એ વંશ ઘોરી વંશને નામે જણાવવા લાગ્યું.

શાહબુદીન અથવા મહમદ ઘોરી એઓમાં એક બળવાન રાજા થઈ ગયો.

એણે બેરામના દીકરા ખુશરૂને લાહોરમાંથી હાંકી કાઢયો અને તે રાજ પોતાને હાથ કર્યું. ઈ. સ. ૧૧૯૩ માં મહમદ ઘોરીએ અજમેર ઉપર ચઢાઈ કીધી પણ ત્યાંના રાજા પૃથુરાજે તેને પાણીપત આગળ હરાવ્યો. આ લડાઈ પછી મહમદ ઈ. સ. ૧૧૯૩ માં એક મોટું લશ્કર લઈ પૃથુરાજની સામો થયો. પૃથુરાજને દિલ્લીના રાજાની મદદ મળી હતી તે છતાં તે થાનેશ્વરની લડાઈમાં હાર્યો, અને માર્યો ગયો. મહમદે ઈ. સ. ૧૧૯૪ માં દિલ્લીના રાજાને હરાવ્યો, અને પોતાના તૂર્ક ગૂલામ કુતબુદીનને ત્યાંનો સૂબો બનાવ્યો. એજ વર્ષમાં એણે કનોજના રાઠોડ રાજા જયચંદરાયને હરાવ્યો અને બનારસ તરફ જઈ ત્યાંનાં સઘળાં દેરાંની મુર્તિનો નાશ કરી તથા ઘણી લૂટ મેળવી પાછો ફર્યો. સુલતાન મહમદની માફક મહમદ ઘોરીએ હિંદુસ્તાન ઉપર નવ વખત ચઢાઈ કીધી. છેલી સ્વારી કર્યા પછી ઘિજની તરફ પાછાં ફરતાં સિંધુ નદીને કાંઠે છાવણી નાંખી સુતો હતો, તે વખતે પંજાબની ઉત્તરે તરફના પાહાડોની એક ગકસે જાતની ટોળી તેના તંબુમાં પેઠી અને ચોકીવાનને મારી તેને મારી નાંખ્યો ઈ. સ. ૧૨૦૫. એની પછી એનો ભત્રિજો ગાદીએ આવ્યો પણ તેની સત્તા ઝાઝોવાર રહી નહીં.

ગૂલામી વંશ ૧૨૦૬—૧૨૯૦.

કુતબુદીન ૧૨૦૬—૧૨૧૦.

મહમદ ઘોરી નસંતાન મુઓ તેથી તે રાજ્યના ઘણા ભાગ થયા. કુતબુદીન દિલ્હીની ગાદીએ બેઠો ને ત્યાં સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો. એનું વંશ ગૂલામી વંશને નામે ઓળખાવવા લાગ્યું.

એ પેહેલાં નીસાપુરના રેહેવાસીનો ગુલામ હતો. એની બુદ્ધિ ઘણી ચંચળ માલમ પડવાથી એને વિદ્યા ને હુનર શિખવવામાં આવ્યાં હતાં. એના ધણીના મરણ પછી એને શાહબુદીન ઘોરીએ વેચાતો લીધો અને ઘણો વફાદાર, વિશ્વાસુ તથા હિંમતવાન માલમ પડવાથી તેને ધીમે ધીમે મોટે દરજ્જે ચઢાવ્યો. કુતબુદીન ઘણો પ્રમાણીક, ઉદાર તથા દયાળુ હતો. એની બક્ષીસો એટલી બોહોળી હતી કે કોઈ પણ માણસની ઉદારતા વિશે બોલતાં એનું નામ લીધામાં આવેછે જેમકે "આ માણસ કુતબુદીન જેવો ઉદાર છે" એણે દિલ્લીમાં એક મિનારો બંધાવ્યો તેને "કુતબમિનાર" કહેછે. એ ઈ. સ. ૧૨૧૦ માં મરણ પામ્યો. એની પછી એનો છોકરો આરામ ગાદીએ બેઠો.

આરામ ૧૨૧૦—૧૦.

એ કુતબુદીનનો છોકરો હતો. એ ઘણો નબળો હોવાથી એના વખતમાં દરેક ઠેકાણે બળવા ઉઠ્યા. એને એના બનેવી અલ્તમસે ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો ને પોતે ગાદીપર બેઠો.

અલ્તમસ ૧૨૧૦-૩૫.

એ એક તુર્કિ ગૂલામ હતો. એ ઘણો હિંમતવાન હોવાથી આગળ જતાં મોટી પદ્ધીએ ચઢ્યો અને આખરે કુતબુદીને પોતાની છોકરી એની સાથે પરણાવી. એણે બંગાળા, બાહાર, ગ્વાલ્હેર, ઉજ્જન અને માળવા જીતી લીધાં, અને વિક્રમાજીતનું બાવલું ભાગી નાંખ્યું. એના વખતમાં તુર્કિ લોકોનો સરદાર જંઘીસખાં એક જબરી ફોજ લઈ સિંધુ નદી સૂધીનો સઘળો મુલક ઉજડ કરતો વધી આવ્યો ઈ. સ. ૧૨૧૭. અલ્તમસ ઈ. સ. ૧૨૩૫ માં મરણ પામ્યો. એની પછી એનો દીકરો રૂકનુદ્દીન ગાદીએ બેઠો.

રૂકનુદ્દીન ૧૨૩૫—૧૨૩૬.

એણે માત્ર સાત મોહના રાજ કર્યું એટલામાં એની બેન રજીઆબેગમે એને ગાદી ઉપરથી ઉઠાડી મુકયો.

રજીઆબેગમ ૧૨૩૬—૧૨૩૯.

એ ઘણી ખુબસુરત, ભણેલી અને ચાલાક સ્ત્રી હતી. જ્યારે અલ્તમસે ગ્વાલ્હેરના કિલ્લા ઉપર હુમલો કીધો હતો ત્યારે પોતાનું રાજ એને સોંપી ગયો હતો. એણે કેટલાક દિવસ સૂધી પોતાનું રાજ બાહાદુરીથી ને નિશપક્ષપાતે ચલાવ્યું; પણ પાછળથી જમાલ નામના ગૂલામ સાથે પ્યારમાં પડવાથી એના રાજમાં બખેડા થયા, અને એક અલતુન્યા નામના તુર્કિ સરદારે તેને કેદ કરી; પણ જ્યારે તેની સાથે પરણવાનો કોલ આપ્યો ત્યારે તે સરદારે તેને છોડી મુકી. ઈ. સ. ૧૨૩૯ માં એના ભાઈ બેરામે એને પાછી કેદ પકડી મારી નંખાવી.

બેરામ ૧૨૩૯—૧૨૪૧.

એ નબળો અને ઘાતકી રાજા હતો. ઈ. સ. ૧૨૪૧ માં મોગલ લોકોએ લાહોર ઉપર હુમલો કર્યો, તેમાં એ કેદ પકડાયો અને માર્યો ગયો.

મસુદ ૧૨૪૧—૧૨૪૬.

એ રૂકનુદ્દીનનો છોકરો હતો, અને ઘણો ઘાતકી તથા વિષઇ હતો. એના વખતમાં મોગલ લોક બે વાર ચઢી આવ્યા પણ તેમને એણે હાંકી કાઢ્યા. ઈ. સ. ૧૨૪૬ માં નાશરૂદ્દીન મહમદે તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકી પોતે બેઠો.

નાશરૂદ્દીન મહમદ ૧૨૪૬—૧૨૬૫.

આ સુલતાન સદ્ગુણી હતો. એ વિદ્યાને ઉત્તેજન આપતો, પોતાની રૈયતનો બચાવ કરતો, ને ગરીબનો મિત્ર હતો. એ પોતાનો સઘળો વખત અભ્યાસ કરવામાં ગુજારતો. ગ્યાસુદ્દીન બલબન

એનો મુખ્ય પ્રધાન હતો. એના રાજનો સઘળો વહીવટ એજ ચલા-વતો હતો. નાશરૂદ્દીન પોતાના વજીરની છોકરી સાથે પરણ્યો હતો. એ એક મોટા રાજનો ધણી હતો તે છતાં પોતાનો સઘળો ખરચ ચોપડી લખી ચલાવતો, અને કોઈ ચાકર નહીં રાખતાં પોતાના ઘરનો સઘળો વહીવટ પોતાની સ્ત્રી પાસે કરાવતો એવો સાદો હતો.

ગ્યાસુદ્દીન બલબન ૧૨૬૫—૧૨૮૭.

નાશરૂદ્દીન મહમદના વખતમાં એણે ઘણી સારી રીતે રાજ્ય ચલાવ્યું હતું તેથી નાશરૂદ્દીનના મરણ પછી ઉમરાવોએ એને ગાદી આપી. એ અલ્તમશનો ગૂલામ ને જમાઈ હતો. રજીઆબેગમને ગાદી ઉપરથી ઉઠાડી મુકવામાં બેરામ સાથે એણે મુખ્ય ભાગ લીધો હતો. જંઘીશાખાંના હુમલાથી જે રાજા રાજ્ય ત્યાગ કરી નાશી ગયા હતા, તેઓ દિલ્લીમાં આવી એને આશારે રહ્યા હતા. એનો વડો છોકરો વિદ્યાને આશારો આપતો. એની દરબારમાં અમીર ખુશરૂ વિગેરે બીજા મોટા કવિયો અને વિદ્વાનો હતા. મેવાડના રજપૂતો એની સામે થયા, માટે એણે તેઓમાંના એક લાખ માણસોને મારી નાંખ્યા. બંગાળાના હાકેમ તોગ્રલે બળવો કીધો હતો, તે એણે સમાવ્યો. એનો પાટવી કુંવર મહમદ પંજાબમાં મોગલ લો-કોની સામે લડતાં માર્યો ગયો. સુલતાન પોતે ૮૦ વર્ષની ઉમ્મરે ઈ. સ. ૧૨૮૭ માં મરણ પામ્યો. એણે પોતાના પાટવી કુંવર મહમદના છોકરા કૈખુશરૂને પોતાની ગાદી સોંપી હતી.

કૈકુબાદ ૧૨૮૭—૧૨૯૦.

ગ્યાસુદ્દીને કૈખુશરૂને રાજ આપવાને કહ્યું હતું તે છતાં ઉમરા-વોએ ગ્યાસુદ્દીનના બીજા છોકરા બઘરાખાન જે બંગાળાનો સૂબો

હતો તેના છોકરા કૈકુબાદને ગાદીએ બેસાડ્યો. એ ઘણો આળસુ અને વિષઇ હતો. એણે પોતાના પિતરાઇ ભાઇને મારી નંખાવ્યો. એણે પોતાનું રાજ પોતાના વજીર નીજામુદ્દીનને સોંપ્યું હતું. તે લોકો ઉપર ઘણો જુલમ ગુજારતો અને જેઓ એની સામે થતા તેઓને મારી નાંખતો. કૈકુબાદ ગુલામી વંશનો છેલ્લો બાદશાહ હતો. એના વખતમાં એટલે ઇ. સ. ૧૨૯૦ માં જલાલુદ્દીન ખિલજી જેને પાછળથી પોતાનો વજીર કીધો હતો, તે આ સુલતાનને તથા તેના છોકરાને મારી નાખી ગાદીએ બેઠો.

ખિલજી વંશ ૧૨૯૦—૧૩૨૦.

જલાલુદ્દીન ખિલજી ૧૨૯૦—૧૨૯૫.

એ ખિલજી વંશનો પેહેલો બાદશાહ હતો. એને ફીરોજશાહ પણ કહેતા. અલાઉદ્દીન નામે એક શૂરો પણ દુષ્ટ સરદાર એનો ભત્રિજો થતો. એ સરદારે બુંદેલખંડ તથા માલવામાં ગડબડ મટાડી ત્યાં બંદોબસ્ત કર્યો, તેથી સુલતાને એને અયોધ્યાનો સુબો બનાવ્યો. જલાલુદ્દીનના વખતમાં મોગલો દિલ્હીના ઝાંપા સુધી ચઢી આવ્યા પણ તેમને હાંકી કાઢ્યા હતા. અલાઉદ્દીન ૮૦૦૦ વિણી કાઢેલા સ્વારો લઇ નર્મદા નદી ઓલંગી દેવગિરી ગયો અને તેના રાજા રામદેવને તાબે કીધો. તેની કનેથી ઇલિચપુર શેહેર તથા પુષ્કળ દ્રવ્ય લઇ એ દિલ્હી પાછો ફર્યો. સુલતાન થોડા સ્વારો સહીત સામો ભેટવા ગયો એટલે તે દુષ્ટ ભત્રિજાએ દગાથી તેને મારી નાંખ્યો. આ ખબર સાંભળતાં તેની બેગમે પોતાના બાળ કુંવર ઇબ્રાહીમની દુવાઇ ફેરવી. અલાઉદ્દીન બાદશાહનો ખિતાબ ધારણ કરી તેની સામો થયો ને તેને તથા બેગમને દગાથી પકડી મંગાવી નિર્દયપણે મારી નંખાવ્યાં.

અલાઉદ્દીન ૧૨૯૫—૧૩૧૫.

એ સ્વભાવે જંગલી ને ઘાતકી હતો. એને ખુની પણ કહેતા. એના વખતમાં મોગલોએ સાતવાર હુમલા કર્યા. લડાઈઓમાં જે મોગલો પકડાતા તેને એ મારી નંખાવતો. ઈ૦ સ૦ ૧૨૯૭ માં એણે ગૂજરાત પર ચઢાઈ કરીને તેની રાજધાની અણહિલવાડનો નાશ કીધો. ત્યાંનો રાજા કરણ નાશી ગયો અને તેની રાણી કમળાદેવી જે હિંદુસ્તાનમાં સર્વથી ઘણી ખુબસુરત ગણાતી તેની જોડે એણે પાછળથી લગ્ન કીધું. આ રાણીની છોકરી દિવાળીદેવી દક્ષિણમાં અલીફખાંની સ્વારીમાં પકડાઈ, તેને અલાઉદ્દીને પોતાના વડા છોકરા ખિજરખાં સાથે પરણાવી. ખંભાતમાંથી અલાઉદ્દીને કેટલાક ગૂલામો પકડ્યા હતા તેમાં એક ઘણો રૂપાળો ને બુદ્ધિવાન આદમી નામે કાફુર હતો, તેને અલાઉદ્દીને પોતાનો વજીર કીધો. સુલતાનના ભત્રિજા સુલેમાન, બાદશાહને મારી ગાદીપતિ થવાની કોશેશમાં નિષ્ફળ થયો ને આખરે પોતેજ અલાઉદ્દીનના હાથથી માર્યો ગયો. એણે ઈ. સ. ૧૩૦૩ માં ચિતોડ હાથ કર્યું અને તેના રાજાને કેદ કીધો. ઈ. સ. ૧૩૧૫ માં એના વજીરે એને ઝેર દઈ મારી નાંખ્યો.

ઉમર ૧૩૧૫—૧૩૧૬.

કાફુરે અલાઉદ્દીનના નાની વયના ચોથા છોકરા ઉમરને ગાદી સોંપી ને તેને નામે પોતે રાજ ચલાવવા માંડ્યું. પણ થોડા વખતમાં અલાઉદ્દીનના ત્રીજા છોકરા મુબારકે કાફુરને હરાવી રાજ્યનો કબજો લીધો.

મુબારક ઈ. સ. ૧૩૧૬—૧૩૨૦.

એણે પોતાના નાના ભાઈ ઉમરની આંખો ફોડી નંખાવી,

અને જેની મદદથી પોતાને ગાદી મળી હતી તેઓને મારી નંખાવ્યા. ખુશરૂખાં નામના એક હિંદુને એણે પોતાનો વજીર કીધો હતો. મુબારકે દક્ષિણ ઉપર સ્વારી કરી અને રામદેવના જમાઈ હરપાળને પકડી તેની જીવતાં ચાંમડી ઉતારી નંખાવી. એ વિષઈ હતો, અને મોજ શોખમાં મચ્યો રહેતો તેથી એના રાજમાં ઘણા બળવા થયા. એનો વજીર ખુશરૂખાં કેટલાએક હથીઆરબંધ માણસો લેઈ તેના સુવાના ઓરડામાં દાખલ થયો; અને તેને મારી નાંખી પોતે ગાદીએ બેઠો ઈ. સ. ૧૩૨૦. પણ તેજ વર્ષમાં ગાજીખાં તઘલખ નામના પંજાબના હાકેમે ખુશરૂખાંને મારી નાંખ્યો.

તઘલખ વંશ ૧૩૨૦—૧૪૧૨.

ઘાજીખાં તઘલખ ૧૩૨૦—૨૫.

ખુશરૂના મરણ પછી ખિલજી વંશનો કોઈ પુરૂષ ગાદીએ આવવાને યોગ્ય નહીં હોવાથી ઉમરાવોએ ખુશીથી પંજાબના હાકેમ ઘાજીખાં તઘલખને સુલતાન ઠેરવ્યો. એ ગાદીપર આવ્યો ત્યારે એનું નામ ગ્યાસુદ્દીન પાડ્યું. એણે ખેડુતના હકમાં લાભકારી કાયદા કાઢ્યા. ઈ. સ. ૧૩૨૫ માં બંગાળા તરફથી પાછા ફરતાં એની ઉપર એક ડેરો ટુટી પડવાથી એ મરણ પામ્યો.. એ ડેરો શાહજાદા મહમદે ઉભો કર્યો હતો; અને તે વખતે પોતે હાજર નહીં હતો તેથી એવો શક આવેછે કે એમાં એનું કંઈ કાવતરૂં હશે. ગ્યાસુદ્દીને દિલ્હી પાસે તઘલખાબાદ નામે એક કિલ્લો બંધાવ્યો હતો.

મહમદ તઘલખ ૧૩૨૫—૫૧.

એ ઘણોજ ઉદાર, ચતુર, ને ભણેલો હતો. એની પછવાડેની વર્તણુક એક ઘેલા માણસ સાથ સરખાવી શકાય એવી હતી.

માળવાનો સૂબો એ પાદશાહનો ભત્રિજો થતો હતો, તેની એણે જીવતાં ચામડી ઉતારી નંખાવી. એના રાજમાં જગેજગ બંડ થયાં, તે એ સમાવી શકયો નહીં. એણે ચીન દેશ ઉપર હુમલો કરવા સારૂં એક લાખ માણસનું લશ્કર મોકલ્યું પણ હિમાલય પર્વત ઓળંગતાં સઘળાનો નાશ થયો. એણે પોતાની રાજધાની દિલ્લીમાંથી ફેરવી દક્ષિણે દોલતાબાદમાં લઈ જવાનો ઠરાવ કર્યો, અને પોતાની રૈયતને ત્યાં જઈ વસવાનું ફરમાવ્યું. જ્યારે જુલમ અને ભારે કરથી કંટાળી એની રૈયત જંગલમાં નાસી જતી ત્યારે પોતાના લશ્કર પાસે તેનો શિકાર કરાવતો. એક વખતે એનો દાંત પડી ગયો, તેને બાદશાહી દબદબાથી ડટાવી તે ઉપર એક કિંમતી ઘોર ચણાવી. સિંધમાં બળવા ખોરોની પછવાડે જતાં ઈ. સ. ૧૩૫૧ માં ઠઠ્ઠા શેહેરમાં એ મરણ પામ્યો. એના મરણ વિશે એવું કહેવાયછે, કે ઇંગ્લાંડના પેહેલા હેનરી રાજાની માફક માછલી ઘણી ખાધી તેથી થયું.

ફિરોજશાહ ૧૩૫૧—૮૮.

મહમદ તઘલખની પછી એનો ભત્રિજો ફિરોજશાહ ગાદીએ બેઠો. એ પરોપકારી અને દયાળુ હતો. સતલજ નદી ઉપર ફિરોજાબાદ શેહેર વસાવાથી એને ફિરોજુદ્દીન પણ કહેતા. એણે સલાહ સંપજથી રાજકારભાર રૂડી રીતે ચલાવી પોતાની રૈયતને સુખી કરી. રૈયતના સુખને સારૂં પુલો, મસીદો, મદ્રેશા, વગેરે કેટલાંએક જાહેર બાંધકામો બંધાવ્યાં; તથા ખેતીની આબાદી સારૂં નેહેરો બંધાવી. એણે પોતાના રાજમાંથી ઘાતકી શિક્ષા કાઢી નાંખી. એ ઈ૦ સ૦ ૧૩૮૮ માં પોતાની ૯૦ વર્ષની ઉમ્મરે મરણ પામ્યો.

ગ્યાસુદ્દીન બીજો ૧૩૮૮–૮૯:-એ ફિરોજનો પોત્ર થતો હતો.

રાજકાજ પ્રધાનોને સોંપી પોતે મોજશોખમાં મચ્યો રહ્યો. એવામાં શહેરમાં બંડ ઉઠયું તેમાં તે મરણ પામ્યો.

અબુબકર ૧૩૮૯–૮૯:–ગ્યાસુદ્દીનના મરણ પછી ફિરોજનો અબુબકર નામે બીજો પૌત્ર સુલતાન થયો. એણે ઝાઝા દિવસ રાજ ભોગવ્યું નહીં. ફિરોજનો કુંવર નાશરૂદ્દીન એને મારી ગાદીએ બેઠો. ત્રણ વરસ રાજ કરી નાશરૂદ્દીન મરણ પામ્યો. એની પછી એના છોકરા હુમાયુંએ, શિકંદર નામ ધારણ કરી માત્ર ૪૫ દિવસ રાજ કર્યું. તેની પછી ફિરોજનો પૌત્ર બીજો મહમદ ઈ૦ સ૦ ૧૩૯૨ માં ગાદીએ આવ્યો. એ ઘણો નબળો બાદશાહ થઈ ગયો. એના વખતમાં ભારે બંડ થયાં ને બાકી રહેલા પ્રાંતોના સુબેદારો સ્વતંત્ર થયા. તૈમુર નામના એક તુર્કિએ ઈ૦ સ૦ ૧૩૯૮ માં દિલ્હીપર સ્વારી કરી. મહમદશાહ ગૂજરાત ભણી નાઠો ને તૈમુર દિલ્હીમાં પેઠો. એણે પાંચ દિવસ સૂધી શહેરમાં ભારે લૂટ અને કતલ ચલાવી. દિલ્હી શહેર ઉજડ કરી અને અગણિત બંધવાઓ લઈ પાછો ફર્યો. એના મુખ્ય શેહેરો બુખારા તથા સમરકંદ હતાં. તૈમુર ઈ૦ સ૦ ૧૪૧૩ માં સમરકંદમાં મરણ પામ્યો.

તૈમુરના ગયા કેડે મહમદ ગૂજરાતથી પાછો ફર્યો ને ઈ૦ સ૦ ૧૪૧૨ સૂધી નામની બાદશાહી ભોગવી, એના મરણ પછી રાજ્યનો અધિકાર દૌલતખાં લોદીને હાથ આવ્યો. એના હાથમાંથી ખીજરખાં નામે સૈયદે રાજ્ય છીનવી લીધું ઈ. સ. ૧૪૧૪.

સૈયદ વંશ ૧૪૧૪—૫૦.

સૈયદ ખીજરખાં ૧૪૧૪–૨૧:–તૈમુરે એને મુલતાનનો સૂબેદાર ઠરાવ્યો હતો. એણે દિલ્હી જીતી લઈ સુલતાન પદ ધારણ કર્યા વિના સાત વરસ રાજ્ય કર્યું. એની પછી એનો છોકરો મુબારક ગાદીએ આવ્યો.

સૈયદ મુબારખ ૧૪૨૧-૩૩:-મોગલો એના રાજ્યમાં ચઢી આવતા હતા તેઓને અને રોહીલખંડ તાબે કરવાને એણે લડાઈઓ કીધી. એના વજીરે એને મારી નંખાવી એના ભત્રિજા મહમદને ગાદી સોંપી.

સૈયદ મહમદ ૧૪૩૩-૪૩:-થોડો વખત સૂધી એણે હોંશીયારીથી રાજ કર્યું, પણ પાછળથી મોજ શોખમાં પડયો. જવાનપુર તથા માળવાના સુલતાનોએ એના પ્રાંતો જીતી લીધા. અમીરોએ એની સામે થઈ એના છોકરા આલમ શાહને ગાદી સોંપી.

સૈયદ આલમ ૧૪૪૩-૫૦:-એના વખતમાં બહલોલ લોદીએ દિલ્હીનો કબજો લીધો ને આલમે રાજીનામું આપી ગાદી છોડી દીધી.

લોદી વંશ ૧૪૫૦—૧૫૨૬.

બહલોલખાં લોદી. ૧૪૫૦-૮૮.

એના વખતથી દિલ્હીનું રાજ્ય સુધરવા લાગ્યું. એણે જોનપુરના સુલતાન સામે ૨૫ વરસ લડાઈ કરી ને આખરે તે પ્રાંત પોતાને તાબે કર્યો. પંજાબથી બંગાળા સૂધીનો મુલક એને તાબે હતો.

સિકંદર લોદી ૧૪૮૮—૧૫૧૭.

બહલોલખાં લોદીનાં મરણ પછી એનો છોકરો સિકંદર લોદી ગાદીએ બેઠો. એણે બાહાર પ્રાંત પોતાના રાજ સાથે જોડી નાંખ્યો. એના રાજમાં ઘણાં બંડ થયાં તે એણે સમાવ્યાં. એની રાજધાની આગ્રામાં હતી. એની પછી એનો છોકરો ઈબ્રાહિમ ગાદીએ બેઠો.

ઈબ્રાહિમ લોદી ૧૫૧૭-૨૬.

એ ઘણો નિર્દય અને અભિમાની હોવાથી તેના કારભારીઓને અળખામણો થઈ પડયો. આ કારણથી પંજાબના હાકેમ દોલતખાં લોદીએ બાબરને મદદે બોલાવ્યો. ઈ० સ० ૧૫૨૬ માં બાબર અને ઇબ્રાહિમને પાણીપતના મેદાનમાં લડાઈ થઈ, તેમાં ઇબ્રાહિમ માર્યો ગયો, અને લોદી વંશનો અંત આવ્યો.

મોગલ વંશ ૧૫૨૬-૧૮૫૮.

બાબર. ૧૫૨૬-૧૫૩૦.

એ તૈમુરના વંશનો છઠ્ઠો પુરૂષ હતો, ને ઈ० સ० ૧૪૮૨ માં જન્મ્યો હતો. કાબુલની ઉત્તરે ફરઘાન નામના પ્રાંતમાં એનું રાજ હતું. એણે ઈ० સ० ૧૪૯૭ માં સમરકંદ હાથ કર્યું, પણ ઉસ્બેક જાતના તુર્કી લોકોએ એની સામે બલવો કર્યો, અને તે પાછું લઈ લીધું. આ વખતે લોદી વંશનો અભીમાની ને નિર્દય ઇબ્રાહીમ લોદી દિલ્લીમાં રાજ કરતો હતો. એના જુલમથી કંટાળીને પંજાબના સુબા દોલતખાંએ બાબરને મદદે બોલાવ્યો ઈ० સ० ૧૫૧૯. બાબરે ચોથી સ્વારીમાં એટલે ઈ० સ० ૧૫૨૬ માં ઇબ્રાહીમને પાણીપતના મેદાનમાં હરાવ્યો, ને પોતે ગાદીએ બેઠો. ઈ० સ० ૧૫૨૭ માં અજમેર તથા મેવાડના રાજા સંગે એની સામે લડાઈ કરી, તેમાં એ સંગ રાજાને હસનખાં તથા લોદી વંશના બીજા કેટલાક સરદારોએ મદદ આપી હતી. પણ બાબરના લશ્કરે સિકરી આગળ તેના લશ્કરનો ઘાણ વાળ્યો ને હસનખાં માર્યો ગયો. પેહેલાં બાબરે અયોધ્યા તથા બહાર પ્રાંત જીતી લીધાં. ત્યાર પછી એ ચંદેરીના કીલા તરફ ધસ્યો. ત્યાંના હાકેમ મેદનીરાયના હાથ તળે

રજપૂતોએ ઘણું શૂરાતન બતાવ્યું, પણ આખરે જ્યારે તેમનું કાંઈજ ચાલ્યું નહીં, ત્યારે તેઓએ પેહેલાં પોતાનાં બઈરાં છોકરાંને મારી નાખ્યાં અને પછી પોતામાંનાં બધાં માર્યા ગયાં ત્યાંસૂધી ઘણી બાહાદુરીથી લડ્યા. આ લડાઈમાં તેઓનો સરદાર મેદનીરાય પણ માર્યો ગયો હતો ઈ. સ. ૧૫૨૮.

બાબર ઈ. સ. ૧૫૩૦ ના ડીસેમ્બર મહિનાની ૨૬ મી તારીખે મરણ પામ્યો. એ ફુલનો ઘણો શોખી હતો, તેથી કાબુલમાં ફુલના માંડવા નીચે નદી કાંઠે એને દાટયો હતો. એ દારૂનો પણ ઘણો શોખી હતો. એ ઘણો માયાળુ, ઉદાર, ને ચંચળ હતો. એણે પોતાની રૈયતના સુખને અર્થે તળાવો તથા પાણીની નેહેરો તથા મુસાફરોની સગવડને માટે ઠામ ઠામ ધર્મશાળાઓ બંધાવી હતી; ને આગ્રા, દિલ્હી, લાહોર ને પેશાવર તરફ ટપાલ ચાલુ કરી હતી. એણે પોતાનું ચરિત્ર ઘણી સાદી રીતે તથા અતિશય ભોળાપણાથી લખ્યું છે. એની પછી એનો છોકરો હુમાયું ગાદીએ બેઠો.

હુમાયું ૧૫૩૦—૧૫૪૦ ને ૧૫૫૫—૧૫૫૬.

એ બાબરનો છોકરો હતો ને ઈ. સ. ૧૫૦૭ માં જન્મ્યો હતો. એણે ઈ. સ. ૧૫૩૫ માં ગૂજરાતના રાજા બહાદુરશાહ સામે પેહેલી સ્વારી કરી ને તેને હરાવ્યો. બહાદુરશાહનો એક મજબુત ડુંગરી કિલ્લો ચાંપાનેર નામનો હતો ને તેમાં પુષ્કળ ખજાનો હતો તેથી તે ખજાનો હાથ કરવા હુમાયુંએ અને તેના સિપાઈઓએ દિલ કર્યું. આ ઉપરથી તે કિલ્લાની દિવાલ ઉપર હુમાયું પોતાના ૩૦૦ સ્વારો સાથે ચઢ્યો. આ કિલ્લો હાથ કરી અને પોતાના ભાઈ મીરજા અસ્કરીને ત્યાંનો સૂબો ઠરાવી હુમાયું દિલ્હી તરફ ગયો; પણ એ દિલ્હી પોહોંચ્યો નહીં એટલામાં તે કિલ્લો પાછો દુશ્મનોએ લઈ લીધો.. હુમાયું ગૂજરાતમાં હતો તે વખતે ચુનારના સૂબા શીરખાંની

સરદારી નીચે અફગાન લોક એક મોટું બંડ ઉઠાવ્યું; તેમાં વળી હુમાયુંના ભાઈ હિંદાલ ને કામરાન પણ એની સામે થવાની તૈયારી કરતા હતા. તોપણ અફગાનો સામેની લડાઈમાં હુમાયું જીત્યો ને શીરખાંને સલાહ કરવી પડી. શીરખાં સાથે સલાહ થયા પછી જ્યારે હુમાયુંનું લશ્કર એશારામમાં પડેલું જોયું ત્યારે અફગાનો ચોતરફથી તેમની ઉપર પાછા તૂટી પડ્યા. ઈ. સ. ૧૫૪૦ માં કનોજ આગળ હુમાયુંની હાર થઈ ને સિંધુ નદીના પશ્ચિમ કાંઠાપર તેને આશરો લેવાની ફરજ પડી. જે રસ્તે થઈને હુમાયુંને જવું પડ્યું તે રસ્તો ઉજડ હતો, તેથી તથા પાણી અને ખોરાકની તંગાશને લીધે એને ઘણાં દુઃખ ખમવાં પડ્યાં. આવા સંકટની વખતે ઈ. સ. ૧૫૪૩ માં અમરકોટ આગળ એની રાણીને છોકરો અવતર્યો. એ દીકરો તે અકબર જેણે આગળ જતાં મોટું નામ કાઢ્યું. આ વખતે પણ દુશ્મનોનું લશ્કર પાછળ આવી પોહોંચ્યું તેથી પોતાની રાણી અને કુંવરને છોડી હુમાયુંને એકલું નાસવું પડ્યું. એ ઈ. સ. ૧૫૪૪ માં ઈરાન જઈ પોહોંચ્યો. ત્યાંના બાદશાહ તમસ્પે હુમાયુંને પોતાનો શુની પંથ છોડી શિહા પંથ પાળવો કબુલ કરાવીને આશરો આપ્યો. તેણે પોતાના શાહજાદા મોરાદ મીરજાને ૧૪,૦૦૦ માણસનું લશ્કર આપી તેનું ખોએલું રાજ પાછું મેળવવા હુમાયુંની મદદે મોકલ્યો. આટલી મદદ લઈને ઈ. સ. ૧૫૪૭ ની અંદર હુમાયુંએ પોતાના ભાઈઓના હાથમાંથી કાબુલ, કંદહાર, ને ઘીજની લઈ લીધાં. ત્યાર પછી કામરાને હુમાયું ઉપર વારંવાર હુમલા કીધા પણ કંઈ વળ્યું નહીં તેથી અંતે ગખર લોકોના સુલતાનના મુલક તરફ તે નાઠો. એ સુલતાને એને હુમાયુંને હવાલે કીધો, જેણે ચીરડાઈને તેની આંખો ફોડી નંખાવી ઈ. સ. ૧૫૫૩. આ વખતે દિલ્લીમાં શીરશાહના વંશનો સિકંદરશુર નામે બાદશાહ રાજ કરતો હતો

તેની સામે હુમાયું થયો ને તેને હરાવી પોતે ગાદીએ બેઠા ઈ. સ. ૧૫૫૫. એ પછી હુમાયું ઝાઝા દિવસ જીવ્યો નહી. પોતાના રંગ મેહેલની સીડી ઉપરથી ઉતરતો હતો એવામાં એનો પગ લપસ્યો ને ત્રણ દિવસ મંદવાડ ભોગવી ઈ. સ. ૧૫૫૬ માં મરણ પામ્યો.

અફગાન વંશ ૧૫૪૦--૧૫૫૫.

શીરશાહ ૧૫૪૦—૧૫૪૫.

હુમાયુંને કનોજ આગળ હરાવ્યા પછી ઈ. સ. ૧૫૪૦ માં એ દિલ્લીની ગાદીપર બેઠો. એને "શીરખાં શુર" એટલે સિંહનો ધણી કહેતા, કારણ કે એક વખતે એણે એક સિંહને એક ફટકાથી મારી નાંખ્યો હતો. એણે મારવાડના રાજા માલદેવ સામે હુમલો કીધો ને તેનો રેઝીન નામનો કિલ્લો દગાથી હાથ કરી તેમાંના તમામ હિંદુઓને નિર્દયપણે મારી નંખાવ્યા. એણે ઈ. સ. ૧૫૪૫ માં મેવાડના રાજા સામે હુમલો કીધો ને કલિંજરના કિલ્લાને ઘેરો ઘાલ્યો, તેમાં દારૂનું પીપ ફાટવાથી એ દાઝયો ને તેજ દિવસે મરણ પામ્યો. એણે પોતાની રૈયતને સારૂં તથા મુસાફરોને સારૂં આગ્રાથી માંડું સૂધી અને બંગાળાથી તે સિંધુ નદી સૂધી રસ્તા બંધાવ્યા; અને તેમાં ઠામ ઠામ કુવા તથા ધર્મશાળાઓ વગેરે બંધાવ્યાં હતાં. મેહેસુલ લેવાની રીતમાં પણ એણે કેટલોક સુધારો કર્યો હતો. એની પછી એનો છોકરો સલીમશાહ ગાદીએ બેઠો.

સલીમશાહ. એ શીરશાહનો છોકરો હતો. એણે ઈ. સ. ૧૫૪૫ થી ૧૫૫૩ સૂધી રાજ કીધું. એણે દિલ્લીમાં એક મેહેલ બંધાવ્યો હતો તેને "સલીમગઢ" કહેછે. એની પછી એનો છોકરો ફિરોઝ ગાદીએ બેઠો.

ફિરોઝ. એ સલીમનો છોકરો હતો. એણે માત્ર થોડાજ

મહિના રાજ કર્યું. એને એના કાકા મહમદ આદિલશાહે મારી નાંખ્યો ને પોતે ગાદીએ બેઠો.

મહમદ આદિલશાહે ૧૫૫૩ થી ૧૫૫૫ સૂધી રાજ કર્યું. પોતાના ભત્રિજા ફિરોઝને મારી નાંખી પોતે ગાદીએ બેઠો. એ ઘણો ઘાતકી હતો. એણે નીચા કુળના માણસોને રાજમાં મોટી મોટી પદ્દી આપી પોતાનો સઘળો ખજાનો ખાલી કર્યો. ત્યાર પછી એણે પોતાના અમીર ઉમરાંવની જાગીરો જપત કરી તેથી ઠામ ઠામ બખેડા થયા; અને દિલ્હી, આગ્રા, પંજાબ વગેરે શેહેર એના હાથમાંથી જતાં રહ્યાં. હેમુ નામનો એક શખ્સ જે અસલ દુકાનદાર હતો તેને એણે પોતાનો વજીર કર્યો હતો. એના રાજના પાંચ ભાગ થયા હતા, તેમાંનો એક સિકંદરશુરના હાથમાં હતો. હુમાયુંએ પોતાની આગલી પાદશાહી એ સિકંદરશુરના હાથમાંથી પાછી મેળવી હતી.

અકબર ૧૫૫૬—૧૬૦૫.

એ હુમાયુંનો છોકરો હતો, ને ઈ. સ. ૧૫૫૬ માં ગાદીએ બેઠો. સિંધમાં અમરકોટ આગળ એનો જન્મ થયો હતો ઈ. સ. ૧૫૪૩. ગાદીએ બેઠો ત્યારે માત્ર ૧૩ વરસની ઉમ્મરનો હતો, તેથી એનું રાજ એનો વજીર બેરામ ચલાવતો હતો. બેરામે સિકંદરશુર તથા મહમદ આદિલીના વજીર હેમુ જોડે પાણીપતના મેદાનમાં લડાઈ કીધી. આ લડાઈમાં હેમુ માર્યો ગયો ને સિકંદરશુર તેને શરણે થયો, ઈ. સ. ૧૫૫૬. આગળ ચાલતાં બેરામે પોતાની સત્તા આડે માર્ગે વાપરવા માંડી. આથી અકબરની તેના ઉપર ઈતરાજી થઈ, ને ઈ. સ. ૧૫૬૦ માં અકબરે રાજની લગામ પોતાના હાથમાં લઈ વજીરના હોદ્દાપરથી તેને બરતરફ કીધો. આ ઉપરથી બેરામ અકબરની સામે થયો, પણ અકબરની ફોજે તેની ફોજને મારી કાઢી. ત્યાર પછી અકબર મા-

સેથી બેસુમાર ખજાનો લઈ બેરામ મક્કે જવા નિકળ્યો, પણ માર્ગમાં કોઈ પઠાણ સરદારે તેને મારી નાંખ્યો. આ પછી ખાંનજહાંન, રાજબાહાદુર, આદમખાં, અબદુલખાં અને અસોફખાં વગેરે અકબરના સૂબા હતા તે અકબરની સામે થયા. ઈ. સ. ૧૫૬૭ સૂધીમાં અકબરે તેમને હરાવી વશ કર્યા. આ કામનો છેડો આવ્યો નહીં એટલામાં જેપુરનો રાજા, જોધપુરનો રાજા અને બાબરની સામે થનાર સંગનો છોકરો ઉદયસીંગ અકબરની સામે થયા. પાંચ વરસ સૂધી લડયા પછી ઈ. સ. ૧૫૭૨ માં અકબરે તેમને તાબે કર્યા. ત્યારપછી એણે કાશ્મીર, સિંધ અને કંદહાર વગેરે હાથ કીધાં. આ વખતે નર્મદા નદીની ઉત્તરનો સઘળો ભાગ અકબરને તાબે હતો. ઈ. સ. ૧૫૯૫માં એણે પોતાના છોકરા મુરાદ તથા વજીર બેરામના છોકરા મીરજાખાંને લશ્કર આપી અહમદનગર જીતી લેવાને મોકલ્યા. આ વખતે ચાંદબીબી નામની એક ઘણી બાહાદુર અને ઘણી લડાયક સ્ત્રી ત્યાં રાજ કરતી હતી. અકબરની ફોજનું આવવું સાંભળ્યું ત્યારે એ બાહાદુર સ્ત્રીએ લોઢાનો બખતર પેહેરી તથા મોહ ઉપર બુરખો નાંખી હાથમાં સમશેર લઇ રણભૂમિપર જઈ પડી, ને દુશ્મનનાં લશ્કરને મારી કાઢયું. એવું કહેછે કે એ બાઈની દારૂ ગોલી ખપી ગઈ, ત્યારે સોના રૂપાના નાણું તથા પોતાની પાસે ઝવેર હતું તે પણ દારૂ ગોલીને ઠેકાણે વાપર્યું. અંતે બંને પક્ષવાળાને સલાહ થઈ પણ તે લાંબો વખત સૂધી ચાલી નહીં. ઈ. સ. ૧૫૯૯ માં ચાંદબીબીને તેના સિપાઈઓએ દગાથી મારી નાંખી ત્યારે અકબરે તે શેહેર ઉપર હુમલો કીધો, ને તાબે કરી ચાંદબીબીના છોકરા બાહાદર નીજામશાહને ગ્વાલ્હેરના કિલ્લામાં કેદ કર્યો. અકબરે હિંદુઓ અને મુસલમાનો વચ્ચે ફેર

નહીં રાખીને તેમને રાજમાં મોટી મોટી પદ્દી આપી. તોડરમલ નામના હિંદુને મેસુલ ખાતાનો ઉપરી કીધો હતો. અકબરે સતી થવાની ચાલ બંધ પાડી, હિંદુઓમાં બાળલગ્ન કરવાની મના કીધી, વિધવાઓને પુનર વિવાહ કરવાની છુટ આપી, તથા કેટલાક ગેરવાજબી કરો અને અઘટીત શિક્ષા કાઢી નાંખી. એણે જજીઆ વેરો રદ કર્યો ને ધર્મસંબંધી જુલમ બંધ પાડ્યા. અકબર કદમાં ઊંચો, ખુબસુરત, અને મીલનસાર હતો. એ બાબરની માફક મુસાફરીનો શોખીલો હતો. એણે બાળપણમાં દારૂનો શોખ લાગ્યો હતો, પણ મોટપણે મિતાહારી થયો હતો. એણે જુદા જુદા ધર્મનો અભ્યાસ કર્યો હતો. એ ઈ. સ. ૧૬૦૫ માં મરણ પમ્યો. એને આગ્રા શેહેરમાં દાટ્યો હતો અને તે ઉપર એક સુંદર ઘોર ચણાવી હતી. એના મુખ્ય મિત્રો અબુલફાજલ અને ફૈઈજી નામના બે ભાઈઓ હતા. અબુલે "આઈને અકબરી" નામનો એક ગ્રંથ રચ્યો હતો, જેમાં અકબરનું જન્મચરિત્ર તથા રાજનીતિ અને જાહેર તથા ખાનગી કામોનો હેવાલ આપેલોછે. એના પછી એનો છોકરો સલીમ ગાદીએ બેઠો.

સલીમ ૧૬૦૫—૧૬૨૭.

એ ઈ. સ. ૧૫૬૭ માં જન્મ્યો હતો. એણે ગાદીએ બેસતાંજ "જહાંગીર" એટલે દુનીઆનો જીતનાર એવું નામ ધારણ કર્યું. એનામાં એના બાપના જેવા સદગુણ અને હોંશીયારી નહીં તેથી થોડા વખતમાં એના રાજમાં બખેડા થયા, અને જે મુલકો એના બાપે લીધા હતા તે સઘળા એના હાથમાંથી જતા રહ્યા. એ ઘણો વીષઈ અને બેદરકાર હતો. સલીમ ગાદીએ બેઠા ત્યારે પછી એનો વડો છોકરો ખુશરૂ પંજાબ તરફ જઈ

એક મોટું લશ્કર ભેગું કરી એની સામે થયો, પણ સલીમે તેને હરાવી ગ્વાલ્હેરના કિલ્લામાં કેદ કર્યો, અને તેના ૭૦૦ સોબતિને એક પછી એક એની નજર આગળ સુળીએ ચઢાવ્યા. એના રાજમાં જાણવા જોગ બીના નુરજાંહાંની સાથે એ પ્યારમાં પડ્યો હતો તે છે. ગરીબી હાલતમાં આવી પડેલા કોઈ ઈરાની ઉમરાવની જુવાન રૂપાળી છોકરી જે તેની માની સાથે અકબરના જનાનખાનામાં જતી તે સુંદર સ્ત્રીથી મોહ પામી જાહાંગીરે તેને પરણવા દીલ કર્યું; પણ તે હલકા કુળની હતી તેથી અકબરે તેને શીરઅફગાન નામના એક ઉમરાવ સાથે પરણાવી દીધી. અકબરના મરણ પછી સલીમે શીરઅફગાનને મારી નંખાવ્યો, ને ઈ. સ. ૧૬૧૧ માં તેની જોડે લગ્ન કર્યું. સલીમે તેને "નુર માહાલ" એટલે "મેહેલનું નુર" તથા "નુરજાંહાં" એટલે "જહાનનું નુર" એવું નામ આપ્યું. ઈ. સ. ૧૬૦૭ માં કપતાન હોકીન્સ નામનો ગૃહસ્થ સલીમની દરબારમાં આવ્યો. અહીંઆ તે સલીમનો એટલો તો માનીતો થયો કે સલીમે તેને કેટલીએક જગા ને દર વર્ષે ૩૦૦૦ પૌંડની મેહેસુલ આપવા કહીને પોતાની પાસે રાખ્યો. પણ એ મેહેરબાની ઘણા દિવસ સૂધી ચાલી નહીં. મોક્રીબખાન અને સલીમના વજીર હસનના સમજાવ્યાથી સલીમે તેને દરબાર છોડી જવાનો હુકમ કીધો. ઈ. સ. ૧૬૧૫ માં ઇંગ્લાંડના પેહેલા જેમ્સ રાજાની તરફથી જે બીજો ગૃહસ્થ સલીમની દરબારમાં આવ્યો હતો તે સર ટામસ રો હતો. સલીમની દરબારમાં બીજા જે એલચીઓ આવ્યા હતા તેના કરતાં એને વધારે સનમાન મળ્યું, પણ હોકીન્સની માફક એને પણ દરબાર છોડી જવાનો હુકમ થયો હતો ઈ. સ. ૧૬૧૮. એ સિવાય વીજાપુરના રાજાનો ફરીસતા નામનો એલચી તથા ફ્રેન્ચ મુસાફર બર્નીઅર સલીમની દરબારમાં આવ્યા હતા.

ખુશરૂ, પાર્વીઝ અને શાહાજાંહાં સિવાય નુરજાંહાંનના પેટથી થયલો શેહેરીયાર નામે સલીમનો એક ચોથો છોકરો હતો. આ છોકરાને રાજ મળવાને સારૂ નુરજાંહાં પ્રયત્ન કરતી હતી. આથી શાહજાંહાંએ પોતાના બાપની સત્તામાંથી નિકળી એકદમ બંડ ઉઠાવ્યું; પણ હાર્યો, અને અંતે શાહજાંહાં પોતાના બાપને તાબે થયો. મોબતખાં નામનો એક ઉમરાવ સલીમના બીજા છોકરા પાર્વીઝની પક્ષ ખેંચતો હતો, તેથી નુરજાંહાંએ તેના ઉપર સરકારી નાણા ખાઈ જવાનું તોહોમત મુકી તેને કાબુલ બોલાવી મંગાવાને સલીમને સમજાવ્યો. ઝેલમ નદી આગળ મોબતખાં પોતાના ૫૦૦૦ ચુંટી કાહાડેલા રજપૂત સ્વારો સાથે સલીમ ઉપર ટુટી પડ્યો અને તેને કૈદ કર્યો. એનો છુટકો નુરજાંહાંથી થયો હતો. કાશ્મીરથી લાહોર જતાં ઈ. સ. ૧૬૨૭ માં રસ્તામાં સલીમ મરણ પામ્યો. એ દારૂનો ઘણો શોખીલો હતો, અને વારંવાર સોના રૂપાથી પોતાની તુલના કરી તે વેહેચી દેતો.

શાહાજાંહાં ૧૬૨૭—૧૬૫૮.

એ ઈ. સ. ૧૫૯૪ માં જન્મ્યો હતો. પોતાના બાપના મરણની ખબર પડતાં શાહજાંહાંન દક્ષિણથી આગ્રે ગયો. શેહેરીઆર સામો થયો, પણ તેને હરાવી મારી નાંખ્યો. ઈ, સ. ૧૬૨૮ માં દક્ષિણના સૂબા ખાનજાંહાન લોદીએ બાદશાહની સત્તાનો ઈનકાર કર્યો ને વીજાપુર તરફ ગોવળકોંદાના રાજાને પોતાની પક્ષમાં લઈ શાહજાંહાંની સામે થયો. બાદશાહ પોતે તેમની સામો થયો, ને ગોંવળકોંદા અને વીજાપુરને તાબેદાર ખંડીઆં રાજ કર્યાં. પોર્તુગીજનાંથાણાં બંગાળામાં હતાં તે એણે લઈ લીધાં; અને તેમનામાંના ઘણાંકને નિર્દયપણે મારી નાખ્યાં.

શાહજાંહાંને ચાર છોકરા હતા, દારા, શુજા, મુંરાદ, ને ઔ-

રંગઝેબ ને બે છોકરીઓ હતી તેમાં એકનું નામ પાદશાહ બેગમ અને બીજીનું નામ રોશનરાય હતું. દારા ઉતાવળીઓ અને તામસી હતો; શુજા વીષઇ હતો; મુરાદ મુરખ અને આપમતિઓ હતો; ને ઔરંગઝેબ ઘણો લોભી, બાહોશ અને લુચ્ચો હતો. ઈ. સ. ૧૬૫૭ માં શાહાજાંહાં માંદો પડ્યો ને જીવવાની આશા નહીં રહી, તેથી તેણે પોતાનું સઘલું રાજ પોતાના પાટવી કુંવર દારાને સોપ્યું. આથી શુંજાએ બંડ ઉઠાવ્યું પણ દારાના છોકરા સુલેમાને તેનો કાશી આગળ પરાજય કર્યો. ઔરંગઝેબે પેહેલાં ગોવળકોંડાના વજીર મીર જમાલને તથા બીજા સરદારોને હાથ કરી લીધા; અને મુરાદને એવું ઉંધું સમજાવ્યું કે મારે મારી જીંદગી ફકીરીપણામાં ગુજારવી છે, અને તું બીજા ભાઇઓમાં વધારે યોગ્ય છે માટે નાસ્તીક દારા તથા તેના સેનાપતિ જસવંતસિંઘને જીતી તને ગાદી અપાવવાની મારી ઇચ્છા છે. મુરાદ ભોળવાયો ને પોતાનું લશ્કર તેની સાથે જોડી દીધું. દારાએ પોતાના સેનાપતિ જશવંતસિંઘને તેમની સામે મોકલ્યો, પણ બંન્ને ભાઇઓએ ઉજ્જણ આગળ તેનો પરાજય કર્યો. ત્યાર પછી દારા પોતે તેમની સામે થયો, પણ આગ્રા આગળ હાર્યો. તે કંઈ કારણસર પોતાના હાથી ઉપરથી નીચે ઉતર્યો, તેથી તેના લશ્કરે હાથી ખાલી જોઈ દારા લડાઈમાં મરાઇ ગયો એમ સમજી નાસવા માંડ્યું, અને ઔરંગઝેબ ને મુરાદ ફતેહ પામ્યા. આ લડાઈમાં મુરાદ ઘાયલ થયો હતો તેથી રાજનો સઘળો કારભાર ઔરંગઝેબ ચલાવવા લાગ્યો. ત્યાર પછી તે આગ્રે ગયો ને પોતાના બાપ શાહાજાંહાંને નજર કેદ કરી તેનું રાજ છીનવી લીધું ઈ. સ. ૧૬૫૮. શાહાજાંહાં આગ્રામાં કેદ રહી ઈ. સ. ૧૬૬૮ માં મરણ પાંમ્યો. ઔરંગઝેબે આલમગીર નામ ધારણ કરી દિલ્લીનો બાદશાહ છે એવું જાહેર કીધું ઈ. સ. ૧૬૫૮. પેહેલાં તેણે દગાથી મુરાદને કેદ કીધો

ને પછી જૂઠું બાહનું કાહાડી મારી નંખાવ્યો. પાછળથી શુજા ઔરંગજેબની સામો થયો પણ કજવા આગળ હાર્યો. ઇ. સ. ૧૬૫૯. શાહજાંહાંએ દિલ્લીમાં મોટી મોટી ઇમારતો તથા મસીદો બંધાવી હતી. તેણે પોતાને માટે હીરા મોતી તથા માણિકથી મઢેલું એક તખ્ત કરાવ્યું તેમાં સાડા છ કરોડ રૂપીઆ ખરચ્યા તથા પોતાની બેગમ મુમતાજમહેલની યાદગીરી સારૂં પંચોતર લાખ રૂપીઆ ખરચી આગ્રાની અંદર એક સુંદર ઇમારત બંધાવી તેને તાજમેહેલ કહેછે.

ઔરંગજેબ ઈ. સ. ૧૬૫૮—૧૭૦૭.

એ ઇ. સ. ૧૬૧૮ માં જન્મ્યો હતો. પોતાના ભાઇઓને મારી નાંખી તથા પોતાના બાપને કેદ કરી ઇ. સ. ૧૬૫૮માં ગાદીએ આવ્યો. ગાદી ઉપર બેઠા પછી એણે "આલમગીર" એટલે દુનિયાનો જીતનાર એવો ખિતાબ લીધો. તેની ગાદીનો દાવો કરનારા સઘળા મરણ પામ્યા હતા, તોપણ એ ઝાઝીવાર નીરાંતથી બેસી શકયો નહી. દક્ષિણમાં સિંહાદ્રી પર્વતની હારમાં કોંકણ કરીને પ્રાંત છે ત્યાં એક ઘણો હુંશિયાર, ચતુર અને શૂરો શિવાજી નામનો સરદાર હતો. ઇ. સ. ૧૬૨૭ માં સ્યુનગી નામના પાહાડ ઉપર એ જન્મ્યો હતો. ઔરંગજેબ ગાદી ઉપર આવ્યો તે પેહેલાં એણે લડાઇ કરી દક્ષિણમાં ઘણી સત્તા મેળવી હતી.

ઇ. સ. ૧૬૬૫ માં ઔરંગજેબે પોતાના સરદાર શાહીસ્તાખાંને એક લશ્કર આપી શિવાજીને વશ કરવા મોકલ્યો. આ સરદારે તેના ઘણાએક કિલ્લા જીતી લીધા ને સિંગર આગળ તેને હરાવ્યો. ઔરંગજેબ જોકે જીવતાં સૂધી મરાઠા સાથે લડ્યો હતો, તોપણ એ તેમને પુરેપુરા વશ કરી શકયો નહીં.

એણે હિંદુઓના દેરાંનો નાશ કીધો, તેમાંની મૂર્તિઓ ભાંગીનાખીને તે ઠેકાણે મસીદો બંધાવી.

અકબરે હિંદુઓને જજીઆવેરામાંથી છુટા કીધા હતાં તે ઔરંગજેબે પાછો લેવા માંડયો. આથી રજપૂતોના દીલ ઉશ્કેરાયાં. દુરધાદાશ તથા મેવાડ ને જેપુરના રાજા રામશીંગની સરદારી હેઠલ શૂરા રજપૂતો તેની સામે થયા. ઔરંગજેબે પોતાના છોકરા મોઆજીમ, એજીમ, અને અકબરને તેમની સામે મોકલ્યા; પણ દુરધાદાસે અકબરને તેના બાપની ગાદીપર બેસાડવાને મદદ આપવા કરી પોતાની તરફ ખેંચી લીધો, ને તેના બાપની સામે હુમલો કરવા મોકલ્યો. એ લડાઈમાં અકબરની હાર થઇ તેથી તેણે કોકણમાં જઈ શિવાજીના છોકરા સંભાજીનો આશરો લેવો પડયો, જેણે તેને દગાથી મારી નાંખ્યો ઈ. સ. ૧૭૦૬. ઔરંગજેબે વીજાપુર, અહમદનગર, ગોવળકોંદા, કંજેવરામ, સતારા સર કર્યા. ઈ. સ. ૧૭૦૧ માં સર વિલિયમ નોરીસ નામનો અંગ્રેજી એલચી ઔરંગજેબની દરબારમાં આવ્યો. ઔરંગજેબને એવી બીક રહેતી હતી કે જેવી રીતે મેં મારા બાપને દુઃખ દીધુંછે તેવી રીતે મારા છોકરાઓ મને દુઃખ દેશે, તેથી મરતાં સૂધી તેમને પોતાની પાશે આવવા દેતો નહીં. એનો જીવ જતાં પેહેલાં એણે જે જે પાપ કર્યાં હતાં તે સાંભરી આવ્યાં, તેથી હવે એના શા હાલ થશે તેની એને ચિંતા થઈ. મરાઠા સાથે લડતાં દિલ્લીના રાજનો પાયો એણે નબળો કરી નાંખ્યો હતો; અને વળી એના પછી આવનારાઓમાં રામ નહી તેથી ઇરાનના બાદશાહ નાદીરશાહે હુમલો કરી હજારો માણસને મારી નાંખી લોહીની નીકો વેહેવડાવીને એ રાજનો નાશ કર્યો ઈ. સ. ૧૭૩૮. ઈ. સ. ૧૭૦૬ માં ઔરંગજેબ અહમદનગર ગયો, ત્યાં તે ૧૭૦૭ માં મરણ પામ્યો. એના મરણ પછી એના છોકરા વચ્ચે ગાદી માટે લડાઈ થઈ તેમાં એનો વડો છોકરો શાહઆલમ ગાદીએ બેઠો.

શાહ આલમ ઈ. સ. ૧૭૦૭—૧૭૧૨.

ઔરંગઝેબના મરણ પછી એનો વડો છોકરો શાહ આલમ ગાદીએ આવ્યો. એને બાહાદૂરશાહ પણ કહેતા. એના વખતમાં રજપૂતોએ જજીઆ વેરો આપતો બંધ પાડયો. એણે સઘળો વખત શીખ લોકો સામે લડવું પડયું હતું તેમાં બન્ને પક્ષવાળાને ભારે નુકશાન થયું હતું.

જાંહાંદારશાહ ઈ. સ. ૧૭૧૨—૧૭૧૩.

એની પછી જાંહાંદારશાહ ગાદીએ બેઠાં. એ ઘણો વિષઈ હતો, તેથી એની રૈયતે એની સામે બલવો કરી બાહાદૂરશાહના પૌત્ર ફરૂકશીરને ગાદીએ બેસાડ્યો.

ફરૂકશીર ઈ. સ. ૧૭૧૩—૧૭૧૯.

એણે આગલા રાજા જાંહાંદારશાને ઈ. સ. ૧૭૧૩ માં આગ્રાની લડાઈમાં હરાવ્યો, ને સૈયદ હુસેનઅલી અને સૈયદ અબદલ્લાની મદદથી પોતે ગાદીએ બેઠો. પણ પાછળથી તેઓની સામે થવાથી તેઓએ એને ઈ. સ. ૧૭૧૯ માં મારી નાંખી બે બાળક રાજાઓને ગાદીએ બેસાડ્યા. તેઓ માત્ર થોડા મહીના ગાદીએ બેઠા એટલામાં મરણ પામ્યાં.

મહમદશાહ ઈ. સ. ૧૭૧૯—૧૭૪૮.

એના વખતમાં ઈરાનના રાજા નાદીરશાહ દિલ્હી પર ચઢી આવી અને મુગલો ઉપર કનાળ આગળ ભારે યુદ્ધ મેળવી મોગળ રાજ્યનો પાયો નબલો કરી મુક્યો ઈ. સ. ૧૭૩૮. પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા કરતાં લુટ મેલવવાનો એનો હેતુ વધારે હતો. એટલા માટે. જયારે મહમદશાહે એને બેસુમાર ખજાનો આપવા જણાવ્યો ત્યારે ખુશીથી કબુલ કરી પોતાના લસ્કરને લડાઈ કરતાં બંધ પાડ્યું. પણ આ વખતે એવી બુમ ઉડી રહી કે નાદીરશાહ મરણ

મારયો, જેથી મોગલો એના લશ્કર પર તુટી પડ્યા અને ઘણાંકને મારી નાખ્યાં. આ ખબર પડતાં નાદીરશાહનો ગુસ્સો રહી શક્યો નહીં અને પોતાના લશ્કરને મોગલો ઉપર કતલ ચલાવવાને છુટ આપી. શાહાજાંહે પોતાને માટે જે અમૂલ્ય તખ્ત કરાવ્યું હતું તેનો એણે નાશ કર્યો અને લુટી લીધું. એ દિલ્હીમાંથી એટલો ખજાનો લૂટી લાવ્યો હતો કે પોતાની ઈરાની રૈયત પાસેથી એક વર્ષ સૂધી કર લેતો બંધ કીધો હતો. આ બનાવ પછી મહમદશાહની સત્તા ફક્ત નામનીજ હતી, તથા એના ઘણાંક રાજ્યો એના હાથમાંથી જતાં રહ્યાં હતાં.

પાણીપતની છેલ્લી લડાઇનું વર્ણન.

આ વખતે એટલે ઈ. સ. ૧૭૬૦ માં ત્રીજા પેશવા બાલાજી બાજીરાવના વખતમાં મરાઠાઓની સત્તા ઘણી વધી ગઈ હતી. તેઓનું જોર નરમ પાડવા આફ્ગાન જાતનો સરદાર અહમદશાહ બાહાર પડયો. એ સરદારનું રાજ પેહેલાં કંદહારમાં થયું હતું. એણે પાછળથી પંજાબ અને મુલતાન હાથ કર્યાં હતાં. શિવદાસરાવ જેણે ઈ. સ. ૧૭૬૦ માં ઉદગીરની લડાઈમાં મોગલોને હરાવ્યા હતાં, તેણે લાહોર હાથ કર્યું એવી ખબર પડતાં અહમદશાહ એક મોટા લશ્કર સાથ એની સામો થયો. શિવદાસરાવને આ લડાઈમાં રજપૂતો, પીંઢારી અને ઘણા ખરા સઘળા હિંદુરાજાઓથી મદદ મળી હતી, જ્યારે રોહીલા લોકો તથા અયોધ્યાના નવાબ અહમદશાહને જઈ મળ્યાં હતાં, બન્નેનું લશ્કર પાણીપતના મેદાનમાં જઈ મળ્યું. ત્યાં ઈ. સ. ૧૭૬૧ માં એક ભારે યૂદ્ધ થઈ રહ્યું. પેહેલાં તો એવું જણાયું કે મરાઠાનો જય થશે, પણ પાછળથી આફ્ગાનોએ ભારે શૂરાતન બતાવ્યું અને મોટા ઉમંગથી લડ્યા એટલે મરાઠાઓ શિવદાસરાવને

છોડી ગયા ને અફગાનોનો જય થયો. એવું કહે છે કે આ લડાઇમાં એ લાખ મરાઠાઓ માર્યા ગયા હતા.

હિંદુસ્તાનના ઇતિહાસમાં મહમદશાહના રાજય સૂધી સાલવાર બનેલી લડાઈઓ.

વર્ષ	લડાઈ	કોણની વચ્ચે.	પરિણામ (જીતનારા)
ઇ.સ.પૂર્વે			
૫૦૦૦	પાણીપત	પાંડવ—કૌરવ	પાંડવ
૩૨૭	જેલમ	શિકંદર—પોરવ	શિકંદર.
ઇ.સ.			
૧૦૦૧	પેશાવરની પેહેલી	મહમદ ઘિજની—જેપાળ	મહમદ
૧૦૦૮	,, બીજી	,, અનંગપાળ	,,
૧૦૨૪	સોમનાથ	,, ભીમ	,,
૧૧૯૩	પાણીપત.	મહમદ શાહબુદીન—પૃથુરાજ	પૃથુરાજ
૧૧૯૩	થાનેશ્વર	,, ,, ,,	શાહબુદીન
૧૫૨૬	પાણીપત	બાબર—ઈબ્રાહીમ લોદી	બાબર
૧૫૨૭	સિકરી	,, રજપૂત (સંગની સરદારી તળે)	,,
૧૫૪૦	કનોજ	શીરશાહ—હુમાયું	શીરશાહ
૧૫૫૬	પાણીપત	બેરામ—હેમુ, શીકંદર શૂર	બેરામ
૧૬૨૬	જેલમ	જાહાંગીર—મોહબતખાં	મોહબતખાં
૧૬૫૭	કાશી	દારા—સુજા	દારા
,,	આગ્રા	ઔરંગઝેબ—દારા.	ઔરંગઝેબ
,,	ઉજ્જણ	મોરાદ, ઔરંગઝેબ—જસવંત સિંઘ	મોરાદ ઔરં.
૧૬૫૯	કજવા	ઔરંગઝેબ (આલમગીર)—સુજા	આલમગીર
૧૬૬૫	સીંગર	મોગલ—શિવાજી	મોગલ
૧૭૧૩	આગ્રા	જહાંદારશાહ—ફરૂખશીયર	ફરૂખશીયર

વર્ષ	લડાઈ	કોણની વચ્ચે	પરિણામ (જીતનારા)
૧૭૨૦	શાહાપુર	સૈયદ—અબદલ્લા. નિઝામ	સૈયદ
૧૭૩૮	કર્નાલ	નાદિરશાહ—મોગલો	નાદિરશાહ.
૧૭૪૮	સરહીંદ	મોગલો—અહમદશાહ અબદલ્લી	મોગલો.
૧૭૬૦	ઉદગીર	મરાઠા—મોગલો	મરાઠા.
૧૭૬૧	પાણીપત	મરાઠા—અહમદશાહ અબદલ્લી	અહમદશાહ.

૯૬૭ મહમદ ઘિજનીનો જન્મ થયો.
૧૦૩૦ મહમદ ઘિજની મરણ પામ્યો.
૧૧૯૩ પાણીપતની લડાઈ. મહમદ શાહબુદ્દીન પૃથુરાજથી હાર્યો.
૧૧૯૩ થાનેશ્વરની બીજી લડાઈ. પૃથુરાજ શાહબુદ્દીનથી માર્યો ગયો.
૧૨૧૭ તાતાર જાતના સરદાર જંઘીસખાંએ દિલ્હીપર સ્વારી કરી.
૧૩૯૮ મોગલ લોકનો સરદાર તૈમુર દિલ્હી ઉજડ કરી પાછો ફર્યો.
૧૪૮૨ બાબરનો જન્મ થયો.
૧૫૨૬ પાણીપતની લડાઈ. ઈબ્રાહીમ લોદી બાબરને હાથે માર્યો ગયો.
૧૫૨૭ સિકરીની લડાઈ. બાબરે સંગની સરદારી તળે રજપૂતોને
૧૫૨૮ બાબરે ચંદેરીના કિલ્લાપર ઘેરો ઘાલ્યો. [હરાવ્યા.
૧૫૩૦ બાબર મરણ પામ્યો. [હેનશાહ થયો.
૧૫૪૦ કનોજની લડાઈ. શીરશાહ હુમાયુંને હરાવી દિલ્હીનો શે-
૧૫૪૩ અમરકોટ આગળ અકબરનો જન્મ થયો.
૧૫૫૬ હુમાયું મરણ પામ્યો.
૧૫૫૬ પાણીપતની લડાઈ. હેમુ બેરામના હાથે માર્યો ગયો.
૧૫૬૦ અકબરે બેરામખાંના હાથમાંથી રાજસત્તા લીધી.
૧૬૦૫ અકબર મરણ પામ્યો.
૧૬૧૧ જાંહાંગીર નુરજાંહાં સાથે પરણ્યો.

૧૬૨૬ મોબતખાં નામના સરદારે સલીમને કેદ કરી લીધો.
૧૬૨૭ સલીમ મરણ પામ્યો.
૧૬૨૭ શિવાજીનો સ્યુનરીના કિલ્લામાં જન્મ થયો.
૧૬૫૭ શાહજાંહાં માંદો પડયો.
૧૬૫૮ ઔરંગજેબે પોતાના બાપ શાહજાંહાં અને મોરાદને કેદ કીધા.
૧૬૬૫ મોગલ લોકે શિવાજીને સીંઘર આગળ હરાવ્યો.
૧૬૬૫ રેઘર આગળ શિવાજી મરાઠાનો રાજા થયો.
૧૬૬૮ શાહજાંહાં મરણ પામ્યો.
૧૬૮૦ શિવાજી મરણ પામ્યો.
૧૭૦૭ ઔરંગજેબ અહમદનગરમાં મરણ પામ્યો.

પેશવા.

બાબાજી વિશ્વનાથ.	૧૭૧૪–૨૦
બાજીરાવ પહેલો.	૧૭૨૦–૪૦
બાલાજી બાજીરાવ.	૧૭૪૦–૬૧
માધવરાવ.	૧૭૬૧–૭૨
નારાયણરાવ.	૧૭૭૨–૭૩
માધવરાવ નારાયણ.	૧૭૭૩–૯૫
બાજીરાવ બીજો.	૧૭૯૫–૧૮૧૮

આ ચોપડી નીચલે ઠેકાણેથી મળશે.

કોટમાં—મી. જેહાંગીરજી બેજનજી કરાણી.

બુકસેલર—નાં. ૧૨, પારસી બજાર સ્ટ્રીટ.

ધોબીતલાવ—મી. એચરશાહ કરાંણીની કું.

કાલબાદેવી—મી. શેહેરીયારજી હોરમજી.